<u>અગત્યનું</u> પત્રક્રમાંક:મઉમશબ/માધ્યમિક/પરીક્ષા/માર્કશીટ/2022/ ૩૧૪

ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેકટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા:-20/06/2022

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુજરાત રાજ્ય.

<u>વિષય:-</u>ધો.10 (એસ.એસ.સી.)પરીક્ષા માર્ચ/એપ્રિલ- 2022ના પરિણામ વિતરણ બાબત

માનનીયશ્રી,

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ધો.10 (એસ.એસ.સી.)માં માર્ચ/એપ્રિલ – 2022નું ઓનલાઇન પરિણામ તા:-06/06/2022ને સોમવારના રોજ જાહેર કરવામાં આવેલ હતું.

બોર્ડ કક્ષાએથી આજ રોજ તમામ જિલ્લાઓમાં પરિણામના સીલબંધ થેલા તાલુકા વાઇઝ પેકીંગ કરી મોકલવામાં આવ્યા છે અથવા આવી રહ્યા છે. આપશ્રીના તાબાના જવાબદાર અધિકારી / કર્મચારીઓને સાથે રાખી તાલુકા વાઇઝ પરિણામ વિતરણ તા:-21/06/2022ને મંગળવારના રોજ સવારે 08:00 કલાકથી થાય તેવી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

વિતરણ કર્યા બાદ જો કોઇ શાળાનું પરિણામનું પેકેટ લઇ જવાનું બાકી રહે તો શાળાના જવાબદારનો સંપર્ક કરી તે મેળવી લે તેવી વ્યવસ્થા કરવી અને જો કોઇ શાળાના પરિણામનું પેકેટ ન મળે તો જિલ્લાના અન્ય શાળાના પરિણામના પેકેટ સાથે ચકાસણી કરી ત્યારબાદ ન મળે તો બોર્ડની માધ્યમિક શાખાના ઇ – મેઇલ એડ્રેસ ssc10exam2022@gmail.com પર શાળાના લેટરહેડ સાથે રજૂઆત કરવી તેમ જણાવવા વિનંતી.

પરિણામની સાથે વન ટુ ફેલ યાદી સામેલ રાખેલ છે. જે યાદીમાં જે વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં પાત્રતા ધરાવે છે અને પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતા હોય તો તેઓની ઉપસ્થિત રહેવા બદલની સહી અને જરૂરી ફી (કન્યા અને દિવ્યાંગ ઉમેદવારોને પરીક્ષા ફી માંથી મુક્તિ આપેલ છે) મેળવી લઇ બોર્ડની સૂચના મુજબ પૂરક પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઇન ભરવાના થાય છે.

<u>નોંધ:-</u> જે જિલ્લામાં પરિણામના થેલા પહોંચી જાય ત્યારબાદ વિતરણની કામગીરી હાથ ધરી શકો છો.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>સવિનય નકલ રવાના જાણ સારું:-</u>

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર
2. માનનીય સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર
3. માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર